પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૬ | ૧૪ ઓગસ્ટ, ૨૦૨૩, સોમવાર; અધિક શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશની જનતા નરેન્દ્ર મોદી સાથે અડિખમ ઉભી છે : અમિત શાહ

**ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામ ખાતે ગુડાના રૂ. ૮૫ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી : વર્ષ- ૨૦૪૭ સુધીમાં શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે સૌ સંકલ્પ બદ્ધ બનીએ : અમિત શાહ : ગરીબ- વંચિત અને છેવાડાના માનવની અપેક્ષા પૂર્ણ કરી ' ઇઝ ઓફ લીવીંગ' ના શ્રેષ્ઠ માપદંડો દ્વારા સુવિધાપૂર્ણ જીવન માટે રાજય સરકારે અભિયાન હાથ ધર્યુ છે : ભૂપેન્દ્રભાઇ પટેલ : આજનો દિવસ વિકાસનો ઉત્સવ છે : ધારાસભ્ય રીટાબહેન પટેલ**











ગાંધીનગર, તા.૧૩

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર સંસદીય મતવિસ્તારના સરઢવ ગામ ખાતેથી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ- ગુડાના રૂ. ૮૫.૩૦ કરોડના વિવિધ પ્રકલ્પોના ખાતુમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, આજે ભારત દેશ આઝાદીના અમૃતકાળમાં પહોંચ્યો છે, ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના કર્મઠ નેતૃત્વમાં ભારતે દુનિયામાં પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આગામી સ્વાતંત્ર્ય પર્વે પ્રત્યેક નાગરિક પોતાના ઘર પર તિરંગો લહેરાવીને વર્ષ- ૨૦૪૭ સુધીમાં શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ બને.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને શુભ પ્રતિક તરીકે કળશ અર્પણ કરી સુખમય જીવનની શુભેચ્છા પાઠવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે માણસા અને સરઢવના મતક્ષેત્રમાં રૂ. ૧૦૦૦ કરોડથી વધુના વિકાસ કામોના લોકાર્પણ- ખાતમુહૂર્ત થયા છે. એટલું જ નહી ૮૦૦ જેટલા પરિવારો માટે ઘરના ઘરનું સપનું સાકાર થયું છે.

તેમણે જણાવ્યું હતું કે, વિપક્ષે સંસદમાં અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. પરંતુ દેશની જનતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકારની પડખે અડિખમ વિશ્વાસ સાથે ઉભી છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સવાસો કરોડ દેશવાસીઓના પુરુષાર્થ ભારત દેશને સુખી-સમૃદ્ધ અને સુરક્ષિત બનાવવાના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજય સરકાર અહર્નિશ કાર્ય કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા નવ વર્ષમાં ભારત દેશે દુનિયાને પોતાનું સામર્થ્ય દર્શાવ્યું છે. નવ વર્ષમાં ભારત દેશનું અર્થતંત્ર હાલ પાંચમાં નંબરે છે. જેને આગામી બે વર્ષમાં ત્રીજા નંબરે લઇ જવા માટે આપણે સંકલ્પબદ્ધ છીએ

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ જ્યારે તેમના ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં પધારે છે ત્યારે વિકાસ કામોની વણઝાર સાથે લઈને આવે છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોક પ્રતિનિધિને જાગતિક જનપ્રતિનિધિ તરીકે કર્તવ્યબદ્ધ થવા અનુરોધ કર્યો છે, તેમની આ સંકલ્પનાને કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે સાકાર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજે માણસા-બાલવા રાંધેજા રોડને ચાર માર્ગી બનાવવાના કાર્યનું તેમજ એનએસજી ના સંકુલ નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, એટલું જ નહીં ગુડાના રૂ. ૮૫ કરોડના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ ખાતમુહૂર્ત થયા છે ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક પણ અઠવાડિયું એવું નથી કે જ્યાં વિકાસ કામોનું લોકાર્પણ કે ખાતમુહૂર્ત ન થતું હોય.

● અનુસંધાન પાન-૭ પર

## અમિતભાઈ શાહે રાંધેજા- સરઢવ ખાતે વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ- ખાતમુહૂર્ત કર્યા

**રૂ. ૪૦ કરોડના ખર્ચે તૈયાર થનાર રાંધેજા -બાલવા ચાર માર્ગીય રોડનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન : રાંધેજાની શેઠ શ્રી એન. એન. પટેલ સાર્વજનિક હોસ્પિટલ અને પ્રસૂતિ ગૃહના નવીનીકરણ માટે ખાતમુહુર્ત : સરઢવના રેવાબાઈ જનરલ હોસ્પિટલના પુનઃ નિર્માણ કાર્યનો પ્રારંભ : સરઢવમાં શશિકલા ઉદ્યાનનું લોકાર્પણ**

ગાંધીનગર, તા.૧૩

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે ગાંધીનગર તાલુકાના રાંધેજા અને સરઢવ ખાતે જનસુખાકારી માટેના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. રાંધેજા ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૪૦ કરોડના ખર્ચે રાંધેજા-બાલવા રોડને ચાર માર્ગીય બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગ બનવાથી માણસાથી ગાંધીનગર જતાં લોકોને ટ્રાફિકમાંથી છુટકારો મળશે તેમજ સુલભતાભર્યો વાહનવ્યવહાર બનશે.

બાદમાં કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાંધેજા ખાતેની શેઠ શ્રી એન. એન. પટેલ સાર્વજનિક હોસ્પિટલ અને પ્રસૂતિ ગૃહના નવીનીકરણ માટે ખાતમુહુર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે સંબોધન કરતાં કહ્યું હતું કે શેઠ શ્રી એન. એન. સાર્વજનિક હોસ્પિટલ એ શેઠશ્રી નાથાલાલ નગરદાસ શાહનું લોક કલ્યાણ માટેનું સ્વપ્ન હતું. જે તે સમયે આ હોસ્પિટલના નિર્માણ થકી તેમણે સેવાયજ્ઞ ચલાવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા ચાલતી આ હોસ્પિટલો સુવિધામય બને તે માટે દાતાઓ આગળ આવ્યા છે. આ હોસ્પિટલ થકી આસપાસના ગરીબોના જીવનમાં સ્વાસ્થ્ય સંબંધી તકલીફો દૂર થઈ છે. આરોગ્ય ક્ષેત્રની જરૂરિયાત પ્રમાણે હવે આ હોસ્પિટલોને આધુનિક બનાવવા માટે લોકોએ દાન કર્યું છે તે આવકારદાયક છે. આ પ્રસંગે તેમણે નાથાભાઈના પ્રયાસથી શરૂ થયેલ આ હોસ્પિટલ આજીવન ચાલુ રહે અને લોકોને આરોગ્યલક્ષી સુવિધાઓ આપે તેવી મહેચ્છા વ્યક્ત કરી હતી અને સૌ ટ્રસ્ટીઓ અને ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સરઢવ ખાતે આંગણવાડીમાં ગૃહમંત્રી અમિત શાહનાં હસ્તે રમકડાંનું વિતરણ કરાયું



ગાંધીનગર જિલ્લાના સરઢવ ખાતે આંગણવાડીની મુલાકાત કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે લીધી હતી અને બાળકોને રમકડાંનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ સહિત કોર્પોરેટરો, ભાજપ સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## PM મોદીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટનું DP બદલ્યું

**લોકોને તેમના ઘરે ત્રિરંગો ફરકાવવાની અપીલ : હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા સાથેની ડીપી લગાવી**




નવી દિલ્હી, તા.૧૩

'હર ઘર તિરંગા અભિયાન ચાલો આપણે આપણા સોશિયલ મીડિયા એકાઉન્ટની ડીપી બદલીએ અને આ અનોખા અભિયાનને સમર્થન આપીએ જે આપણા પ્રિય દેશ અને આપણી વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવશે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ શબ્દો સાથે તેમના ડીપીને ચેન્જ કરી છે. તિરંગા અભિયાનમાં દેશને પ્રેરણા આપતા પીએમએ પોતાની પ્રોફાઈલ પિક્ચર પર ત્રિરંગો લગાવ્યો છે. તેણે X, Facebook અને Instagram પર પોતાનું DP ચેન્જ કર્યું છે. નાગરિકોમાં દેશભક્તિની ભાવના વધે તે માટે આજથી દરેક ઘરે ત્રિરંગા અભિયાન શરૂ થશે.

કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે કહ્યું કે, દરેક વ્યક્તિ તિરંગા સાથે પોતાની સેલ્ફી અપલોડ કરીને આ અભિયાનમાં ભાગ લઈ શકે છે. મંત્રાલયે કહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સરકાર ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી દરેક ઘરમાં તિરંગા ઝુંબેશ ચલાવી રહી છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય લોકભાગીદારીના સાર સાથે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવાનો છે. આ પહેલ હેઠળ, પોસ્ટ વિભાગને રાષ્ટ્રધ્વજના વેચાણ અને વિતરણની જવાબદારી સોંપવામાં આવી છે.

## ગાંધીનગર ઉત્તર વિધાનસભાના બે ગામ રાંધેજા અને સરઢવની સાર્વજનિક હોસ્પિટલનું નવીનીકરણ






આજે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના બે ગામ રાંધેજા અને સરઢવની સાર્વજનિક હોસ્પિટલના નવીનીકરણ માટે અનુક્રમે ૩.૫૦ કરોડ અને સાડા સાત કરોડની સહાય મળતાં તેની નવીનીકરણની પ્રક્રિયાનું શુભ મુહુર્ત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વરદહસ્તે થયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ તથા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ ઉપસ્થિત રહયા હતા.


## કૃષ્ણ જન્મભૂમિનો પણ સર્વે કરાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરાઈ

**જ્ઞાનવાપીની જેમ સર્વે કરવા અરજી દાખલ : વિવાદમાં સિવિલ દાવો મસ્જિદ ઇદગાહની આસપાસ છે, જે કથિત રીતે હિન્દુ મંદિરો તોડી પડાયા પછી બનાવાઇ**

મથુરા, તા.૧૩

મથુરામાં કૃષ્ણ જન્મભૂમિને લઈને ચાલી રહેલા જમીન વિવાદમાં નવો વળાંક આવ્યો છે. શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદની માફક જ કૃષ્ણ જન્મભૂમિ વિસ્તારનો વિગતવાર વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરાવવાની માગણી સાથે, સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. આવા સર્વેક્ષણો આધુનિક પુરાતત્વીય પદ્ધતિઓ, જીઓસ્પેશિયલ વિશ્લેષણ અને ઐતિહાસિક રેકોર્ડનો ઉપયોગ સાઈટના મહત્વની વ્યાપક સમજ પૂરી પાડવા માટે કરશે.

શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે , જેનું પ્રતિનિધિત્વ તેના પ્રમુખ સિદ્ધપીઠ માતા શાકુંભારી પીઠાધીશ્વર ભૃગુવંશી આશુતોષ પાંડે કરે છે, તેણે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા સામે સર્વોચ્ચ અદાલતમાં વિશેષ અરજી (SLP) દાખલ કરી છે.



પિટિશન ખાસ કરીને ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ સ્થળને અનેક પ્રતિવાદીઓ દ્વારા કથિત રીતે થયેલા નુકસાન અને અપિત્રતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

વિવાદમાં સિવિલ દાવો મસ્જિદ ઈદગાહની આસપાસ છે, જે કથિત રીતે હિન્દુ મંદિરો તોડી પાડવામાં આવ્યા પછી બનાવવામાં આવી હતી. અરજદારની દલીલ છે કે, આવા બાંધકામને મસ્જિદ ગણી શકાય નહીં. તેઓ ૧૯૬૮ના કરારની માન્યતા સામે વધુ દલીલ કરે છે અને તેને "છેતરપિંડી" ગણાવે છે.

## રાજસ્થાન પોલીસે ૭ મહિનામાં ગુજરાતમાં આવતો સાડા ત્રણ કરોડનો દારુ જપ્ત કર્યો

**પોલીસે આ કાર્યવાહીમાં ૨૮ મોટી ગાડી પકડી પાડી છે જેમની પાસેથી દારુની મોટી ખેપ પણ પકડાઈ ગઈ છે**

ડુંગરપુર, તા.૧૩

ડુંગરપુરથી અડીને આવેલા પાડોશી રાજ્ય ગુજરાતમાં દારુ પર પ્રતિબંધ છે. આ જ કારણ છે કે, રાજસ્થાનના ડુંગરપુરના રસ્તા પરથી સૌથી વધારે દારુની તસ્કરી ગુજરાતમાં થાય છે. પોલીસ તરફથી તેના પર કાર્યવાહી પણ થાય છે. પણ દારુ તસ્કર હંમેશા તસ્કરી માટે નવો રસ્તો અપનાવી રહ્યા છે. ડુંગપુર પોલીસે ૭ મહિનામાં ૩ કરોડ રૂપિયાનો દારુ પકડ્યો છે. તેમાંથી સૌથી મોટી કાર્યવાહી બિછીવાડા પોલીસ તરફથી ગુજરાત બોર્ડર પાસે કરી છે.

એસપી કુંદન કવરિયાએ જણાવ્યું કે, ડુંગરપુર પડોસી ગુજરાત રાજ્યથી અડીને આવેલ છે. ગુજરાતમાં દારુ પર પ્રતિબંધ છે. તેમ છતાં દારુ તસ્કરો મોટો નફો કમાવવા માટે ગુજરાતમાં દારુની તસ્કરી કરે છે. તેના પર રોક લગાવવા માટે પોલીસ તરફથી ખૂબ જ કડકાઈ વર્તવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષમાં અત્યાર સુધીમાં ૪૨૨ કાર્યવાહી થઈ છે. તેમાંથી ૪૩ હજાર ૪૮૪ બોટલ દારુની ઝડપાઈ છે. સૌથી વધારે અંગ્રેજી દારુની ૩૧ હજાર ૯૭૧ બોટલ છે. જ્યારે ૧૬૦ બોટલ દેશી દારુ અને ૨ હજાર ૬૧૭ બોટલ હાથે બનાવેલ દારુ છે.

## રાંધેજાથી બાલવા રોડનું ખાત મુહુર્ત



રાંધેજાથી બાલવા રોડ ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે વધતી જાય છે તેથી તે સમસ્યાને દુર કરવા આ રોડને ચાર માર્ગીય કરવાનું ખાત મુહુર્ત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વરદ હસ્તે કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ અને મેયર હિતેશ મકવાણા સહિત કોર્પોરેટરો, ભાજપ સંગઠનના પદાધિકારીઓ તેમજ કાર્યકરો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.